# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૧ તા. ૨૦.૦૪.૨૦૧૯

-------------

આપણા ગુજરાતી, આપણા નરેન્દ્રભાઈ મોદીએ ૧૩ વર્ષ સુધી ગુજરાતના મુખ્યમંત્રી રહી સેવા કરી છે.
કોંગ્રેસને ગુજરાત હંમેશા આંખના કણાની જેમ ખૂંચતું રહ્યું છે અને એટલે જ આજે મોદી હટાવો.... મોદી હટાવો...ના નારા લગાવી રહ્યા છે. - શ્રી વિજયભાઇ રૂપાણી

-------------

દેશમાંથી ગરીબી, બેકારી, ભ્રષ્ટાચારને હટાવવા માટે આપણા પનોતાપુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીને ફરી એકવાર દેશના પ્રધાનમંત્રી બનાવવા માટે ૨૩મી તારીખે કમળના નિશાન પર બટન દબાવીને પોતાનો મત સીધેસીધો શ્રી નરેન્દ્રભાઈને મોકલીને ગુજરાત ભાજપાના તમામ ૨૬ ઉમેદવારોને જંગી બહુમતીથી વિજયી બનાવવાની હાકલ કરતાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી

-------------

આ વખતની ચૂંટણી ફક્ત બે પક્ષના ઉમેદવારો વચ્ચેની જ ચૂંટણી નથી પરંતુ વિકાસની સાથે-સાથે દેશની સલામતી સુરક્ષા કોણ સુનિશ્ચિત કરી શકે તે નક્કી કરવાની ચૂંટણી છે. કોંગ્રેસના કુશાસનથી ઉભી થયેલી દેશની વર્ષો જૂની સમસ્યાઓનું નિરાકરણ કોણ લાવી શકશે તે નક્કી કરવાની ચૂંટણી છે. - શ્રી વિજયભાઇ રૂપાણી

-------------

કોંગ્રેસના એક કુળે ભ્રષ્ટાચારમાં ઓતપ્રોત થઈને કૌભાંડો પર કૌભાંડો કરી આ દેશ ને ખોખલો કરી નાખવાનું કુકર્મ કર્યું છે. હવા, જમીન અને પાતાળ એમ ત્રણેય જગ્યાએ કોંગ્રેસીઓએ ભ્રષ્ટાચાર કરીને ભારતનું નામ સમગ્ર વિશ્વમાં ડુબાડ્યું હતું
- શ્રી વિજયભાઇ રૂપાણી

-------------

સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધીને ફટકાર આપતા નોટિસ ફટકારી કહ્યું છે કે, સુપ્રીમ કોર્ટે ક્યારેય પણ ચોકીદાર ચોર છે, આવું નિવેદન આપ્યું નથી. જુઠ્ઠું બોલી બોલીને અપપ્રચાર કરવો એ જ કોંગ્રેસની સંસ્કૃતિ રહી છે - શ્રી વિજયભાઇ રૂપાણી

-------------

એક તરફ દેશના હિતને સર્વોપરી માનનારા, જીવીશું તો દેશ માટે મરીશું તો દેશ માટેની ભાવના સાથે દેશ માટે કાર્ય કરનાર રાષ્ટ્રભક્તોની ટોળી છે અને બીજી તરફ જાણે દેશ માત્ર એક પરિવારની અંગત જાગીર હોય તેમ ગાંધી પરિવારને સર્વોપરી માનનારી કોંગ્રેસ છે - શ્રી વિજયભાઇ રૂપાણી

-------------

એક તરફ ભારતીય જનતા પાર્ટી અને એન.ડી.એ.ના પ્રધાનમંત્રી પદના નેતા શ્રી નરેન્દ્રભાઈ મોદી છે તે સ્પષ્ટ છે અને બીજી તરફ પ્રધાનમંત્રી પદ પર બેસવા માટે એકબીજાના ટાંટિયા ખેંચનાર લોકો ભેગા થયા છે - શ્રી વિજયભાઇ રૂપાણી

-------------

દેશમાં રાજકીય સ્થિરતા હોય તો જ દેશનો વિકાસ અને દેશની પ્રગતિ શક્ય છે.
સ્થિરતા વગરની સરકારમા દેશ હંમેશા પાયમાલ જ થાય છે - શ્રી વિજયભાઇ રૂપાણી

-------------

કોમ - કોમને અથડાવી, જ્ઞાતિ - જ્ઞાતિને અથડાવી, ભાગલા પાડો અને રાજ કરોની નીતિ અપનાવવી એ જ કોંગ્રેસની માનસિકતા છે - શ્રી વિજયભાઇ રૂપાણી

-------------

આતંકવાદીઓને જવાબ આપવા માટે જનતાનું દર્દ અને જનતાનો આક્રોશ મહેસુસ કરી શકે તેવા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું નિર્ણાયક નેતૃત્વ દેશ માટે આજે અતિઆવશ્યક છે - શ્રી વિજયભાઇ રૂપાણી

-------------

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



આજરોજ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ પોરબંદર લોકસભામાં મહિયારી ખાતે આયોજિત એક વિશાળ જનસભાને સંબોધન કર્યું હતું.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, આ વખતની ચૂંટણી ફક્ત બે પક્ષના ઉમેદવારો વચ્ચેની જ ચૂંટણી નથી પરંતુ વિકાસની સાથે સાથે દેશની સલામતી સુરક્ષા કોણ સુનિશ્ચિત કરી શકે તે નક્કી કરવાની ચૂંટણી છે. કોંગ્રેસના કુશાસનથી ઉભી થયેલી દેશની વર્ષોજૂની સમસ્યાઓનું નિરાકરણ કોણ લાવી શકશે તે નક્કી કરવાની ચૂંટણી છે.

આ વખતની ચૂંટણીમાં એક તરફ ઈમાનદારી - પ્રમાણિકતાથી ચોકીદાર બનીને દેશની જનતાના પૈસાની તિજોરીની રક્ષા કરવા, દેશની સુરક્ષા માટે, ભ્રષ્ટાચાર સામે, નક્સલવાદ, આતંકવાદ સામે દેશની ચોકીદારી કરતા શ્રી નરેન્દ્રભાઈ મોદી છે, તો બીજી તરફ ચોર મચાયે શોરની માફક ચોરોની જમાત બેશરમ થઈને દેશના ચોકીદારને ચોર કહેવા નીકળી છે. આ ચોરોની જમાત ગાયના ઘાસમાંથી પૈસા ખાઈ ગયેલા લાલુ છે, બાંગ્લાદેશી ઘુસણખોરોને બંગાળમાં ઘુસાડી-ઘુસાડીને બંગાળને કંગાળ કરનાર મમતા બેનરજી છે, ભ્રષ્ટાચારની નદીઓ વહેવડાવી ઉત્તરપ્રદેશને બરબાદ કરનાર માયાવતી, અખિલેશ અને મુલાયમસિંહ છે. કોંગ્રેસના એક કુળે ભ્રષ્ટાચારમાં ઓતપ્રોત થઈને કૌભાંડો પર કૌભાંડો કરી આ દેશને ખોખલો કરી નાખવાનું કુકર્મ કર્યું છે. હવા, જમીન અને પાતાળ એમ ત્રણેય જગ્યાએ કોંગ્રેસીઓએ ભ્રષ્ટાચાર કરીને ભારતનું નામ સમગ્ર વિશ્વમાં ડુબાડ્યું હતું.

રાહુલ ગાંધી સુપ્રીમ કોર્ટનું નામ લઈને દેશની પ્રજાને મૂર્ખ બનાવવા માટે નિવેદન આપતા હતા કે સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, દેશના ચોકીદાર ચોર છે. આ બાબતે સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધીને ફટકાર આપતા નોટિસ ફટકારી કહ્યું છે કે, સુપ્રીમ કોર્ટે ક્યારેય પણ ચોકીદાર ચોર છે, આવું નિવેદન આપ્યું નથી. જુઠ્ઠું બોલી બોલીને અપપ્રચાર કરવો એ જ કોંગ્રેસની સંસ્કૃતિ રહી છે.

એક તરફ દેશના હિતને સર્વોપરી માનનારા, જીવીશું તો દેશ માટે મરીશું તો દેશ માટેની ભાવના સાથે દેશ માટે કાર્ય કરનાર રાષ્ટ્રભક્તોની ટોળી છે અને બીજી તરફ જાણે દેશ માત્ર એક પરિવારની અંગત જાગીર હોય તેમ ગાંધી પરિવાર ને સર્વોપરી માનનારી કોંગ્રેસ છે. ભારતને પોતાની જાગીર સમજનાર કોંગ્રેસને ગરીબ ચા વેચનાર વ્યક્તિ દેશના પ્રધાનમંત્રી પદ પર બેઠો છે તે વાત પચતી નથી.

એક તરફ ભારતીય જનતા પાર્ટી અને એન.ડી.એ.ના પ્રધાનમંત્રી પદના નેતા શ્રી નરેન્દ્રભાઈ મોદી છે તે સ્પષ્ટ છે અને બીજી તરફ પ્રધાનમંત્રી પદ પર બેસવા માટે એકબીજાના ટાંટિયાખેંચનાર લોકો ભેગા થયા છે. શું આ લોકો દેશને સ્થિરતા આપશે? દેશમાં રાજકીય સ્થિરતા હોય તો જ દેશનો વિકાસ અને દેશની પ્રગતિ શક્ય છે. સ્થિરતા વગરની સરકારમા હંમેશા દેશ પાયમાલ જ થાય છે.

કોમ - કોમ ને અથડાવી, જ્ઞાતિ - જ્ઞાતિને અથડાવી, ભાગલા પાડો અને રાજ કરો ની નીતિ અપનાવવી એ જ કોંગ્રેસની માનસિકતા છે.

એક તરફ ત્રાસવાદનો ખાત્મો કરનારા લોકો છે તો બીજી તરફ ત્રાસવાદીઓને બિરીયાની ખવડાવનાર લોકો છે. સર્જીકલ સ્ટ્રાઈક અને એર સ્ટ્રાઈક જાણે કોંગ્રેસના પોતાના ઉપર થઈ હોય તે રીતે બેબાકળા બનીને કોંગ્રેસ પાકિસ્તાનના સમર્થનમાં નિવેદન આપી રહી છે અને સેનાનું અપમાન કરી રહી છે. આતંકવાદીઓને જવાબ આપવા માટે જનતાનું દર્દ અને જનતાનો આક્રોશ મહેસુસ કરી શકે તેવા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું નિર્ણાયક નેતૃત્વ દેશ માટે આજે અતિઆવશ્યક છે.

“અફઝલ હમ શર્મિંદા હૈ તેરે કાતિલ જિંદા હૈ”, “ભારત તેરે ટુકડે હોંગે” જેવા નારાઓ લગાવનારાઓને કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી ભૂતકાળમાં પણ સમર્થન આપી ચૂક્યા છે અને આવા તત્વોને છાવરવા માટે કોંગ્રેસ પાર્ટી રાજદ્રોહની કલમ રદ કરવા માંગે છે એટલું જ નહીં સેનાને કાયદાનું રક્ષણ આપતો AFSPA નો કાયદો પણ કોંગ્રેસ રદ્ કરવા માંગે છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



ગરીબી હટાવીશુંના નારા લગાવીને વર્ષો સુધી ગરીબ ના મત લઇને સરકારો બનાવીને કોંગ્રેસે ગરીબને વધુ ગરીબ બનાવી, ભ્રષ્ટાચાર કરી પોતાના ઘર ભર્યા છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી એ છેલ્લા પાંચ વર્ષમાં ગરીબ કલ્યાણ, કિસાન કલ્યાણ તેમજ મધ્યમ વર્ગના લાભ અર્થે અનેક યોજનાઓ કાર્યરત કરી છે. આયુષ્યમાન ભારત યોજના હેઠળ પાંચ લાખ રૂપિયા સુધીની સારવાર વિનામૂલ્યે કરી આપવાની શરૂઆત થઈ ચૂકી છે. ગુજરાતમાં પણ રાજ્ય સરકાર દ્વારા મા અમૃતમ યોજના, માં વાત્સલ્ય યોજના અંતર્ગત ત્રણ લાખ સુધીની સારવાર જરૂરીયાતમંદને વિનામૂલ્યે કરી આપવામાં આવે છે. મધ્યમ વર્ગ માટે ઈન્કમટેક્ષમાં આવક મર્યાદા વધારીને પાંચ લાખ સુધી કરી રાહત આપવાનું કાર્ય કર્યું છે, દેશના ખેડૂતોના ખાતામાં છ હજાર રૂપિયા જમા કરાવવાનું ભગીરથ કાર્ય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે, અને દર વર્ષે ૭૫,૦૦૦ કરોડ રૂપિયા કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત ફાળવવામાં આવ્યા છે. ગુજરાતમાં કોંગ્રેસના ૨૫ વર્ષના શાસન દરમ્યાન ટેકાના ભાવથી માત્ર ૧૨૦૦ કરોડ રૂપિયાની ખરીદી કરવામાં આવી હતી. જ્યારે છેલ્લા ત્રણ વર્ષમાં ભાજપાની સરકારમાં ટેકાના ભાવથી ૮૫૦૦ કરોડથી વધુ રૂપિયાની ખરીદી કરવામાં આવી છે.

આપણા ગુજરાતી, આપણા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૩ વર્ષ સુધી ગુજરાતના મુખ્યમંત્રી રહી સેવા કરી છે. કોંગ્રેસને ગુજરાત હંમેશા આંખના કણાની જેમ ખૂંચતું રહ્યું છે અને એટલે જ આજે મોદી હટાવો.... મોદી હટાવો...ના નારા લગાવી રહ્યા છે.

દેશમાંથી ગરીબી, બેકારી, ભ્રષ્ટાચારને હટાવવા માટે આપણા પનોતાપુત્ર શ્રી નરેન્દ્રભાઈમોદીને ફરી એક વાર દેશના પ્રધાનમંત્રી બનાવવા માટે ૨૩મી તારીખે કમળના નિશાન પર બટન દબાવીને પોતાનો મત સીધેસીધો શ્રી નરેન્દ્રભાઈને મોકલીને ગુજરાત ભાજપાના તમામ ૨૬ ઉમેદવારોને જંગી બહુમતીથી વિજયી બનાવવાની હાકલ મુખ્યમંત્રીશ્રીએ કરી હતી.

આ પ્રસંગે પૂર્વ મંત્રીશ્રી અને ધારાસભ્યશ્રી બાબુભાઇ બોખીરીયા, પ્રદેશ અગ્રણીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ જિલ્લા/તાલુકા પ્રમુખ/મહામંત્રીશ્રીઓ, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી, સામાજિક આગેવાનો તેમજ વિશાળ સંખ્યામાં ભાજપાના કાર્યકરો તથા સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૨૦.૦૪.૨૦૧૯

-------------

**પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ ભાવનગર ખાતે ભવ્ય "વિજય વિશ્વાસ સંપર્કયાત્રા" બાદ હજારોની સંખ્યામાં ઉપસ્થિત કાર્યકરો-સમર્થકોને સંબોધન કર્યુ**

-------------

**ભાવનગરના ઇતિહાસમાં આ એક સામાન્ય રેલી નહીં પરંતુ વિશાળ જનમેદનીની સુનામી સાબિત થશે**
**- શ્રી જીતુભાઇ વાઘાણી**

-------------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી દેશની સુરક્ષા અને અખંડિતતા માટે જરા પણ બાંધછોડ કર્યા વીના ત્રાસવાદ-નકસલવાદ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવીને જડબાતોડ જવાબ આપી રહ્યા છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-------------

**ભાજપા હંમેશા જ્ઞાતિજાતિ, ધર્મથી પર રહીને "સબકા સાથ સબકા વિકાસ"ના મૂળમંત્ર સાથે પ્રજાલક્ષી અભિગમ કેળવીને પ્રજા વચ્ચે જાય છે, ત્યારે કોંગ્રેસ માત્ર ને માત્ર લોકોને ગેરમાર્ગે દોરવાનું, ભરમાવવાનું કામ કરી રહી છે.**
**- શ્રી જીતુભાઇ વાઘાણી**

-------------

**૨૦૧૪ બાદ કેન્દ્રમાં ભાજપની સરકારે દેશના નાગરિકોની સુખાકારીને લક્ષ્યમાં રાખીને જે હિતકારી નિર્ણયો લીધા છે તેને લઈને સમગ્ર ભારતભરમાં પ્રજા દ્વારા ભાજપાને આવકાર મળી રહ્યો છે**
**- શ્રી જીતુભાઇ વાઘાણી**

-------------

**ગુજરાતમાં ચૂંટણી પ્રચાર અર્થે ભ્રમણ કરી રહ્યો છું ત્યારે મને જનતાના પ્રતિસાદ અને જનસમર્થનમાં શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રત્યેનો પ્રેમ ઉડીને આંખે વળગે છે. ચારે બાજુ મોદી...મોદી...ના નારા બુલંદ બન્યા છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-------------

આજરોજ ૧૫-ભાવનગર લોકસભા બેઠક અંતર્ગત ભાવનગર ખાતે લોકસભાના ભાજપના ઉમેદવાર શ્રીમતી ભારતીબેન શિયાળ સમર્થનમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીનો રોડ-શો યોજાયો હતો., આ રોડ-શો દરમ્યાન જુદા-જુદા સ્થળોએ વિવિધ સમુદાયના લોકોએ પુષ્પવર્ષા દ્વારા શ્રી વાઘાણીનું અભિવાદન કર્યુ હતુ. શહેરની બંને વિધાનસભાના મુખ્યમાર્ગો પર આ રોડ-શો સંપર્ક યાત્રામાં હજારોની સંખ્યામાં મોટરસાઇકલ સવાર યુવાનો, કાર્યકર્તાઓ, શુભેચ્છકો, સમર્થકો અને સ્વયંભૂ જનમેદની રાષ્ટ્રભક્તિના માહોલમાં જોડાયા હતા. આ "વિજય વિશ્વાસ સંપર્કયાત્રા" જ્વેલર્સ સર્કલથી શરૂ થઇ મેઇન ખારગેટ ખાતે પૂર્ણ થઇ હતી. અનેરા જોશ, ઉત્સાહ અને ઉમંગ વચ્ચે કેસરીયા ધ્વજા-પતાકા અને કેસરીયા સાફામાં સજ્જ હજારો કાર્યકર્તાઓના "વંદે માતરમ્" અને "ભારત માતા"ના જયઘોષ સાથે ભાજપાનો વિજય નિશ્ચિંત કરતી આ રેલી ઐતિહાસિક બની હતી.

લોકસંપર્ક (રોડ-શો)ના સમાપન બાદ જનસભાને સંબોધતા શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, ભાવનગરના ઇતિહાસમાં આ એક રેલી નહીં પરંતુ વિશાળ જનમેદનીનો રેલો સાબિત થશે. આવી કાળઝાળ ગરમીમાં પણ આપસૌ વિશાળ સંખ્યામાં આ લોકસંપર્ક યાત્રામાં સામેલ થયા છો તે બદલ હું આપ સૌને વંદન કરું છું.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના માર્ગદર્શન હેઠળ સમગ્ર ભારતમાં ભાજપાનો ચૂંટણીરથ પ્રચંડ સમર્થન સાથે આગળ વધી રહ્યો છે.

૨૦૧૪ બાદ કેન્દ્રમાં ભાજપની સરકારે દેશના નાગરિકોની સુખાકારીને લક્ષ્યમાં રાખીને જે હિતકારી નિર્ણયો લીધા છે તેને લઈને સમગ્ર ભારતભરમાં પ્રજા દ્વારા ભાજપાને અભૂતપૂર્વ આવકાર મળી રહ્યો છે. આ જંગી રેલી દ્વારા ભાવનગર પણ સમર્થનની આ સુનામીમાં સામેલ થઈ ગયુ છે.

શ્રી નરેન્દ્રભાઇ મોદી દેશમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં જનનાયક તરીકે પ્રસ્થાપિત થયા છે, જેના વિચારોની નોંધ સમગ્ર વિશ્વમાં લેવાય છે, ભાજપ હંમેશા જ્ઞાતિજાતિ, ધર્મથી પર રહીને **"સબકા સાથ સબકા વિકાસ"**ના મૂળમંત્ર સાથે પ્રજાલક્ષી અભિગમ કેળવીને પ્રજા વચ્ચે જાય છે, ત્યારે કોંગ્રેસ માત્ર ને માત્ર લોકોને ગેરમાર્ગે દોરવાનું, ભરમાવવાનું કામ કરી રહી છે.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગરીબ-શોષિત-પીડિત-મધ્યમ એમ તમામ વર્ગના લોકોને નજર સમક્ષ રાખીને અનેક કલ્યાણકારી પગલાં લીધા છે, સાથે સાથે દેશની સુરક્ષા અને અખંડિતતા માટે જરા પણ બાંધછોડ કર્યા વીના ત્રાસવાદ-નકસલવાદ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવીને જડબાતોડ જવાબ આપી રહ્યા છે.

હું સમગ્ર ગુજરાતમાં ચૂંટણી પ્રચાર અર્થે ભ્રમણ કરી રહ્યો છું, મને લોકોના પ્રતિસાદ અને જનસમર્થનમાં શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રત્યેનો લોકોનો પ્રેમ ઉડીને આંખે વળગે છે. ચારે બાજુ મોદી...મોદી...ના નારા બુલંદ બન્યા છે.

શ્રી વાઘાણીએ અંતમાં કટિબધ્ધતા દર્શાવતા કહ્યું હતું કે, આજે જ્યારે ભાવનગરની જનતા ભાજપાને પ્રચંડ જનસમર્થન આપી રહી છે ત્યારે ભાવનગરને આ વિકાસયાત્રાનો બમણો લાભ મળશે તેની હું ખાતરી આપું છું.

આ પ્રસંગે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી સાથે ભાવનગર લોકસભા ભાજપા ઉમેદવાર ડૉ. ભારતીબેન શિયાળ, મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે, જીલ્લા પ્રભારીશ્રી મહેશભાઇ કસવાલા, ધારાસભ્યશ્રીઓ, મેયરશ્રી, જીલ્લા/શહેર ભાજપા પ્રમુખ/મહામંત્રીશ્રીઓ, વિવિધ સમાજના આગેવાનો, સ્થાનિક અગ્રણીશ્રીઓ તથા વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ, સમર્થકો અને સ્વયંભૂ જનમેદની ઉમટી પડી હતી.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

**ભારતીય જનતા પાર્ટી**
**ગુજરાત પ્રદેશ**
**શ્રી કમલમ્**
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા. ૨૦.૦૪.૨૦૧૯

-----------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી આવતીકાલે યુનીવર્સીટી ગ્રાઉન્ડ, પાટણ ખાતે સવારે ૯.૦૦ કલાકે વિશાળ જનસભાને સંબોધન કરશે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**આવતીકાલે રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહનો ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાણંદ ખાતેથી બપોરે ૧૨.૦૦ કલાકે ભવ્ય રોડ-શો યોજાશે. - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**લોકસભા ચૂંટણીના સાત ચરણ પૈકી પ્રથમ બે ચરણમાં જંગી મતદાન સાથે દેશભરમાંથી ભાજપાને પ્રચંડ સમર્થન મળી રહ્યુ છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**છેલ્લા ૫ વર્ષથી દેશની ૧૩૦ કરોડ જનતાની આશા-આકાંક્ષા પરિપૂર્ણ કરવા અવિરતપણે કાર્યરત શ્રી નરેન્દ્રભાઇ મોદીને પ્રધાનમંત્રી પદે પુનઃ આરૂઢ કરવા લોકો સ્વયંભૂ પ્રતિબધ્ધતા દર્શાવી રહ્યા છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

ભાજપા ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ અખબારી યાદીમાં જણાવ્યુ હતુ કે, લોકસભા ચૂંટણીના સાત ચરણ પૈકી પ્રથમ બે ચરણમાં જંગી મતદાન સાથે દેશભરમાંથી ભાજપાને પ્રચંડ સમર્થન મળી રહ્યુ છે.

છેલ્લા ૫ વર્ષમાં દેશની ૧૩૦ કરોડ જનતાની આશા-આકાંક્ષા પરિપૂર્ણ કરવા અવિરતપણે કાર્યરત શ્રી નરેન્દ્રભાઇ મોદીને પ્રધાનમંત્રી પદે પુનઃ આરૂઢ કરવા લોકો સ્વયંભૂ પ્રતિબધ્ધતા દર્શાવી રહ્યા છે ત્યારે ગુજરાતના પનોતા પુત્ર અને દેશના લોકલાડીલા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સમગ્ર ભારતભરમાં પ્રવાસ કરી રહ્યા છે ત્યારે દેશના ખુણે-ખુણેથી ભાજપા તરફી લોકજુવાળનું સુનામી જોવા મળી રહ્યુ છે.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, આગામી ૨૩ એપ્રિલ, મંગળવારના રોજ ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠક પર ચૂંટણી યોજાવા જઇ રહી છે ત્યારે મને સંપૂર્ણપણે વિશ્વાસ છે કે, ગુજરાતની જનતા આપણા નરેન્દ્રભાઇના હાથ મજબૂત કરવા માટે કમળના નિશાન પર બટન દબાવી જંગી મતદાન કરી ભાજપાના તમામ ૨૬ ઉમેદવારોને ભારે બહુમતીથી ભવ્ય વિજય અપાવશે. આવતીકાલે ત્રીજા ચરણની ચૂંટણી માટે પ્રચારના અંતિમ દિવસ છે ત્યારે ***પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાત પધારી યુનીવર્સીટી ગ્રાઉન્ડ, પાટણ ખાતે સવારે ૯.૦૦ કલાકે વિશાળ જનસભાને સંબોધન કરશે.***

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ ભાજપાના ઉમેદવારોના સમર્થનમાં ભારતભરમાં પ્રવાસ કરી ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે ત્યારે ગાંધીનગર લોકસભા બેઠકના લોકલાડીલા ઉમેદવાર શ્રી અમિતભાઇ શાહ આવતીકાલે ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે.

આ પ્રવાસ દરમ્યાન શ્રી અમિતભાઇ શાહના ગાંધીનગર લોકસભા વિસ્તારમાં સાણંદ ખાતે એક ભવ્ય લોકસંપર્ક રોડ-શોનું આયોજન કરવામાં આવેલ છે. ***શ્રી અમિતભાઇ શાહ આવતીકાલે એ.પી.એમ.સી. સાણંદ ખાતેથી બપોરે ૧૨.૦૦ કલાકે ભવ્ય રોડ-શોની શરૂઆત કરશે.*** આ રોડ-શો નીચે મુજબના રૂટ પ્રમાણે આગળ વધશે.

આ રોડ-શોનું એપીએમસી સાણંદથી પ્રસ્થાન થશે, ત્યારબાદ અર્થ કોમ્પ્લેક્સ - સન્યાસ આશ્રમ રોડ - તલાટીનો મેડો - મોટી ગોલવાડ - તાલુકા પંચાયત સાણંદ - શેઠ સી.કે.હાઇસ્કુલ - બાબા સાહેબ આંબેડકર પ્રતિમા(સાણંદ એસ.ટી.સ્ટેન્ડ) - સંસ્કાર પ્રાથમિક શાળા - ગોપાલક (નળ સરોવર રોડ) - જૈનવાડી થઇ ગઢીયા ચાર રસ્તા (બાવળા રોડ) પહોંચશે તેમ શ્રી વાઘાણીએ અંતમાં જણાવ્યુ હતુ.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૪ તા. ૨૦.૦૪.૨૦૧૯

-----------

**ભાજપાની સરકારે સરપંચને ગામના વિકાસ કામો કરવા માટે લાખો રૂપિયા તેમના ખાતામાં સીધા આપવાનો અને તે નાણાંનો ગામના વિકાસ કાર્યો માટે વાપરવાનો અધિકાર આપ્યો છે આનાથી ગામોનો વિકાસ ખૂબ ઝડપથી અને સારી રીતે થઇ શક્યો છે - શ્રી પરસોત્તમભાઇ રૂપાલા**

-----------

**ગામડું એ ભારતનો આત્મા છે આ ગામડાંને ધબકતું કરવા માટે આવા વિકાસશીલ પગલાં લેવા કેન્દ્રની અને રાજ્યની ભાજપાની સરકાર કટીબધ્ધ છે - શ્રી પરસોત્તમભાઇ રૂપાલા**

-----------

**પહેલાં સરકારમાંથી આપણા હક્કના રૂ. ૧૦૦ લેવા હોય તો બે જોડી ચપ્પલ ઘસાઇ જતાં હતાં અને તેમાંથી વચેટીયાઓ દ્વારા ૮૫ રૂ. ખવાઇને બાકીના ૧૫ રૂપિયા જ લાભાર્થીઓને મળતાં હતાં - શ્રી પરસોત્તમભાઇ રૂપાલા**

-----------

**ભાજપા સેનાને મજબૂત કરવા માટે આધુનિક શસ્ત્રોથી સજ્જ કરી રહ્યું છે અને સેનાને છુટો દોર આપી આતંકવાદનો ખાત્મો બોલાવવા માટે કમર કસી રહી છે - શ્રી પરસોત્તમભાઇ રૂપાલા**

-----------

**પાકિસ્તાન પોતે જ કબુલી ચૂક્યું છે કે, ભારત દ્વારા એર સ્ટ્રાઇક કરવામાં આવી છે, ત્યારે દેશની અંદર બેઠેલા આતંકવાદને સમર્થન કરનારા નેતાઓ પ્રજાને ગુમરાહ કરી માત્ર વોટબેંક માટે રાજનીતી કરી રહ્યાં છે - શ્રી પરસોત્તમભાઇ રૂપાલા**

-----------

**ગઠબંધન પાસે કોઇ નેતા નથી કે કોઇ નિયત નથી. આપણી પાસે દુનિયામાં ડંકો વગાડનાર એવા શ્રી નરેન્દ્રભાઇ મોદી છે અને તેમની નિયત માત્ર રાષ્ટ્રહિત અને દેશના વિકાસની છે - શ્રી પરસોત્તમભાઇ રૂપાલા**

-----------

આજરોજ કેન્દ્રિય મંત્રીશ્રી પરસોત્તમભાઇ રૂપાલાએ બનાસકાંઠા લોકસભા બેઠકના ઉમેદવાર શ્રી પરબતભાઇ પટેલના સમર્થનમાં એક વિશાળ જનમેદનીને સંબોધતા જણાવ્યું હતું કે, કોંગ્રેસની સરકાર હતી ત્યારે સરપંચે નાનામાં નાનું કામ કરાવવા ધારાસભ્યશ્રી કે સંસદસભ્યની પાછળ પાછળ આંટા મારવા પડતા હતાં, જ્યારે ભાજપાની સરકારે સરપંચને ગામના વિકાસ કામો કરવા માટે લાખો રૂપિયા તેમના ખાતામાં સીધા આપવાનો અને તે નાણાંનો ગામના વિકાસ કાર્યો માટે વાપરવાનો અધિકાર આપ્યો છે આનાથી ગામોનો વિકાસ ખૂબ ઝડપથી અને સારી રીતે થઇ શક્યો છે. આટલો મોટો ફરક આપણા લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી જ કરી શકે.

શ્રી રૂપાલાએ વધુમાં જણાવ્યું હતુ કે, ભારતમાં ૨.૫ લાખ ગ્રામ પંચાયત છે. આ ગ્રામ પંચાયતોના વિકાસ કાર્યો માટે કેન્દ્ર સરકારે રૂ. ૨ લાખ સરપંચોને મોકલ્યા છે. ગામડું એ ભારતનો આત્મા છે આ ગામડાંને ધબકતું કરવા માટે આવા વિકાસશીલ પગલાં લેવા કેન્દ્રની અને રાજ્યની ભાજપાની સરકાર કટીબધ્ધ છે. કોંગ્રેસ તેમના કુશાસન દરમ્યાન ક્યારેય આ વાત કરતી ન હતી. પહેલાં સરકારમાંથી આપણા હક્કના રૂ. ૧૦૦ લેવા હોય તો બે જોડી ચપ્પલ ઘસાઇ જતાં હતાં અને તેમાંથી વચેટીયાઓ દ્વારા ૮૫ રૂ. ખવાઇને બાકીના ૧૫ રૂપિયા જ લાભાર્થીઓને મળતાં હતાં. શ્રી નરેન્દ્રભાઇ મોદીએ લાભાર્થીઓને પૂરેપૂરી રકમ મળી રહે તે માટે જન ધન યોજનાના ખાતા ખોલાવીને સહાયની રકમ સીધા તેમના ખાતામાં જમા કરાવવાની સવલત પૂરી પાડી.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




શ્રી પરસોત્તમભાઇ રૂપાલાએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કિસાનો માટે કિસાન સન્માન નીધિ યોજના શરૂ કરી. આ યોજના દેશના એક કરોડ ખેડૂત ખાતેદારોના ખાતામાં પ્રથમ હપ્તાના રૂ. ૨ હજાર ચૂકવવામાં આવ્યા છે અને બીજા હપ્તાની રકમ ચૂકવવાની કાર્યવાહી પ્રગતિમાં છે. પહેલાં જે ખેડૂતો પાસે ૨ હેક્ટરથી ઓછી જમીન ધરાવતા ખેડૂત ખાતેદારોને રૂ. ૨ હજારની સહાય આપવામાં આવતી હતી. પરંતુ હવે આપણા લોકલાડીલા વડાપ્રધાનશ્રીએ નક્કી કર્યું છે કે, ૨૦૧૯ની લોકસભા ચૂંટણી બાદ ભાજપા સરકાર જે ખેડૂત ખાતેદારનું નામ ૭/૧૨ના ઉતારામાં દાખલ થયેલ હશે તે દરેક ખેડૂત ખાતેદારોને આ સહાયની રકમ આપવામાં આવશે પછી તે નાનો ખેડૂતો હોય કે મોટો ખેડૂત ખાતેદાર હોય. આ ઉપરાંત વડાપ્રધાનશ્રીએ ખેડૂત ખાતેદારની આવક બમણી કરવા માટે તેમની જમીનમાં સોલાર પેનલ લગાવી વીજ ઉત્પન્ન કરશે. આ વિજળીમાંથી તેમના વપરાશ સિવાયની વધારાની વિજળી સરકારને વેચવાની પરવાનગી આપવામાં આવશે. વડાપ્રધાનશ્રીએ તેમના પાંચ વર્ષના શાસનકાળ દરમ્યાન સમાજના દરેક વર્ગની ચિંતા કરી છે અને તેમના વિકાસ માટે અવનવી યોજનાઓ થકી વિવિધ ક્ષેત્રોમાં તેમના ઉત્થાન અંગેની મહત્વની કામગીરી કરી છે.

શ્રી રૂપાલાએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ આજદિન સુધી માત્ર પરિવારવાદ, વંશવાદ, આતંકવાદને પ્રોત્સાહન આપતી આવી છે. તેમણે તેમના મેનીફેસ્ટોમાં આતંકવાદને સમર્થન આપતા કાશ્મીરમાંથી ૩૭૦ની કલમ દૂર નહીં કરવા, વીર જવાનને રક્ષા પુરી પાડતો કાયદો નાબૂદ કરવા અને રાષ્ટ્રદ્રોહની કલમ હટાવવા અંગે વચન આપ્યું છે. કોંગ્રેસના આવા વચનના કારણે શૌર્યથી ભરપુર એવી આપણા દેશની સેનાનું મનોબળ તૂટી જશે, આતંકવાદને ખુલ્લુ સમર્થન મળશે. જ્યારે ભાજપા સેનાને મજબૂત કરવા માટે આધુનિક શસ્ત્રોથી સજ્જ કરી રહ્યું છે અને સેનાને છુટો દોર આપી આતંકવાદનો ખાત્મો બોલાવવા માટે કમર કસી રહી છે. ભારતની સેના દ્વારા તાજેતરમાં કરેલ એર સ્ટ્રાઇકના મામલે રાહુલ ગાંધીના ગુરૂ જેઓ અમેરીકામાં રહે છે, તેઓએ એર સ્ટ્રાઇક અંગેના પુરાવાઓ માંગીને પાકિસ્તાનને ખુલ્લુ સમર્થન આપી રહ્યાં છે. જ્યારે પાકિસ્તાન પોતે જ કબુલી ચૂક્યું છે કે, ભારત દ્વારા એર સ્ટ્રાઇક કરવામાં આવી છે ત્યારે દેશની અંદર બેઠેલા આતંકવાદને સમર્થન કરનારા નેતાઓ પ્રજાને ગુમરાહ કરી માત્ર વોટબેંક માટે રાજનીતી કરી રહ્યાં છે.

શ્રી રૂપાલાએ અંતમાં જણાવ્યું હતું કે, આપણા લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી એ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં એન.ડી.એ.ના સર્વ સ્વિકૃત નેતા છે અને ભાજપાને સમર્થન કરતાં તમામ પક્ષોએ તેઓને જ આગામી વડાપ્રધાન તરીકે આરૂઢ કરવા અંગેની સ્વિકૃતી આપી છે. જ્યારે કોંગ્રેસ કહે છે અમારા વડાપ્રધાન શ્રી રાહુલ ગાંધી છે પરંતુ તેમને સમર્થન કરતાં યુ.પી.એ. ઘટક પક્ષોના તમામ નેતાઓ વડાપ્રધાનની રેસમાં છે અને એકબીજાના પગ ખેંચવામાં રચ્યાં પચ્યાં છે. ગઠબંધન પાસે કોઇ નેતા નથી કે કોઇ નિયત નથી.આપણી પાસે દુનિયામાં ડંકો વગાડનાર એવા શ્રી નરેન્દ્રભાઇ મોદી છે અને તેમની નિયત માત્ર રાષ્ટ્રહિત અને દેશના વિકાસની છે.

શ્રી પરસોત્તમભાઇ રૂપાલાની થરાદ ખાતેની આ જનસભામાં લોકસભા બેઠકના ઉમેદવારશ્રી પરબતભાઇ પટેલ, લોકસભા પ્રભારીશ્રી, ઈન્ચાર્જશ્રીઓ, જીલ્લા અને તાલુકા સંગઠનના પદાધિકારીશ્રીઓ અને વિશાળ સંખ્યામાં કાર્યકર્તા ભાઇઓ અને બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ